# ડીસા તાલુકાના નવા ગામમાં નવા બનેલા રોડમાં ગેરરીતિ મામલે ઉગ્ર રજૂઆત

ડીસા, તા. ૨૩

છેલ્લા કેટલાક સમયથી ડીસા તાલુકાના અનેક ગામોમાં વિકાસના કામોમાં ગેરરીતિ થતી હોવાની બૂમ ઉઠવા પામી છે. ક્યારે ડીસા તાલુકાના નવાગામમાં છેલ્લા કેટલાક સમયથી વિકાસના કામોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો જે વિવાદના અંતે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૧૪મું નાણાપંચની ગ્રાન્ટ છેલ્લા બે વર્ષથી પેન્ડિંગ હતી.



જગ્યાનો બે વર્ષ બાદ ગામના મહિલા સરપંચ દ્વારા ઉપયોગમાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેના અંતર્ગત નવાગામમાં નવા રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જે રોજના કામગીરીમાં મહિલા સરપંચના પતિ મથુરજી દ્વારા કોન્ટ્રાક્ટ લઈને જાતે રોડનું કામ કરતા હોય રોડના કામમાં ક્વોલીટીની જગ્યાએ કોન્ટેક્ટીનો ઉપયોગ કરવામાં આવી રહ્યા છે.

નવાગામમાં નવા બનેલા રોડના હલકી ગુણવત્તાનું કામ થતું હોય ગામના કેટલાક જાગૃત નાગરિકો દ્વારા રોડ માર્ગે તે લઈને મીડિયાનું ધ્યાન ધરવામાં આવ્યો હતો. મિત્ર દ્વારા આ બાબતે ડીસા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે અને નવા બનેલા રોડના પેમેન્ટનું બિલ ના ચૂકવવાની રજૂઆત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ડીસા તાલુકાના નવાગામમાં મહિલા સરપંચના પતિ મથુરજી દ્વારા પોતાની મનમાની ચલાવતા હોવાની બૂમ ઉઠવા પામી છે અને પંચાયત સુશાસન ચલાવીને સભ્યોને વિશ્વાસમાં લીધા વગર કામગીરી કરવામાં આવે છે. ગામના કોઈપણ અરજદારો પંચાયતમાં બેસવા દેતા ન હોય પણ બુમરાણ ઉઠવા પામી છે. લોકમુખે ચર્ચા મુજબ ગામના જાગૃત નાગરિકો દ્વારા મહિલા સરપંચને પંચાયતમાં પંચાયતની ખુરશી ઉપર બેસવાની જગ્યાએ સતત મથુરજી જાતે પંચાયતનો વહીવટ કરતા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાત્કાલિક અસરથી ડીસા તાલુકાના નવાગામની રૂબરૂ મુલાકાત કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી નવા ગામનાં ગ્રામજનો દ્વારા ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# નમસ્તે રૂપાણી : યુવા નેતાએ રૂપાણીને સ્કૂટી પર મોડાસાથી કીડી સુધીના ખખડધજ રોડ પર પ્રવાસ કરવા આમંત્રણ

મોડાસા, તા. ૨૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદના નવ નિર્મિત મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં આયોજીત થનાર ‘નમસ્તે ટ્રમ્પ’ ત્રણ કલાકના કાર્યક્રમમાં ૧૩૦ કરોડ રૂપિયા ખર્ચ થઈ રહ્યા છે. ગુજરાતના વિકાસ મોડલ અને સમૃદ્ધ ગુજરાત બતાવવાના પ્રયત્નો વચ્ચે રાજયના અંતરિયાળ વિસ્તારો હજુ પણ પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના અંતરિયાળ માર્ગો ખખડધજ બનતા કેટલાક રોડ તો રોડ પર ખાડા કે ખાડામાં રોડ જેવા બની ગયા છે ત્યારે ખેડૂત અગ્રણી યુવા નેતા ઘનશ્યામ ચૌધરી (મુખી) એ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી મોડાસાથી કીડી સુધીના ૨૦ કિમી બિસ્માર રોડની હાલતથી વાહનચાલકો અને લોકો માટે માથાનો દુખાવારૂપી બનતા રોડની સમીક્ષા કરવા સ્કૂટી પર મુસાફરી કરી સમીક્ષા કરવા પત્ર લખી રોડનું સમારકામ નહિ થાય તો આગામી સમયમાં ગાંધીચીંધ્યા માર્ગે રોડ પર રસ્તા રોકો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી યુવા નેતાએ જણાવ્યું છે કે હાલ તો ટ્રમ્પ સાહેબના આગમનની પુરજોશમાં તૈયારીઓ ચાલતી આપ તેમજ આપની સરકાર અને તમામ અધિકારીઓ ખુબ વ્યસ્ત હશો. પરંતુ જ્યારે પણ આપ આ બધી કામગીરી તેમજ અન્ય





સરકારી કાર્યક્રમોમાંથી થોડોક ટાઈમ કાઢી અને મારા આ આમંત્રણને સ્વીકારશો

છેલ્લા કેટલાય સમયથી કીડીથી મોડાસા અંદાજે ૨૦ કિંમીના અવર-જવર માટેનો મુખ્ય માર્ગો છે તેની હાલત અંત્યત ગંભીર છે અંદાજે ૧૧ ગામોનો જોડતો મોડાસા જવાનો મુખ્ય માર્ગે જેમાં દિવસના અનેક નાના મોટા સાધનોની અવર-જવર છે. આ રસ્તો બનાવવા માટેની માંગણી અનેક વખત કરવામાં આવી છે પરંતુ આ બાબતે સરકારને કોઈ રસ હોય એવું લાગતું નથી, વર્ષો પહેલાં બનેલો આ રસ્તાની હાલત ખુબ ગંભીર છે કદાચ ખેતરમાં જવા માટેના નાળીયા પણ આનાં કરતાં ખુબ સારી અવસ્થામાં હશે.

મોડાસાથી કીડી સુધીનો રોડ બનાવવા માટે છેલ્લા કેટલાય સમયથી લોકમાંગ છે અને આ માંગ લઈ કેટલાક સ્થાનિક નેતાઓ અહીથી આ બાબતની રજુઆત લઈને આપણી સરકારની મંત્રીશ્રીને મળવા માટે આવેલા પરંતુ ત્યાં જ તે આગેવાનો સાથે છાજે નહી તેવું વર્તન કરી ઉડતો વ્યવહાર કરીને પહેલાં વિધાનસભાની સીટ ભાજપને જીતાડો પછી રસ્તાની વાત કરજો આવા જવાબ આપીને આગેવાનોને તગેડી મુકવામાં આવ્યા હતા. સરકાર સંવેદનશીલ હોવાની વાતો કરે છે સરકાર સહુનો સાથ સહુનો વિકાસની વાતો કરે છે તો શું અહીના લોકો તમારા રાજ્યના નથી માત્ર તમારા પક્ષની સીટો હોય ત્યાં જ ગ્રાન્ટો આપવી અથવા ત્યાં નો જ વિકાસ સહુનો વિકાસ છે.

અરવલ્લી તેમજ ધનુસરા તથા આ ગામડાના વ્યક્તિઓ શું આ રાજ્યના નાગરિક નથી તમારી સરકાર માટે માત્ર વોટબેન્કની રાજનીતિ જ મહત્વની છે. એટલે આપને હું અહીથી કેટલીક રસ્તાની તસ્વીરો પણ મોકલી રહ્યો છું જે જોઈને એ જ નઈ સમજાય કે રસ્તામાં ખાડા છે કે ખાડામાં રસ્તો છે. ખેર આપને આ પત્રના માધ્યમથી મારી સાથે આ રસ્તા પર એકવાર સવારી કરવા માટે આમંત્રણ પાઠવું છું. તેમજ ટૂંક સમયમાં જો સરકાર આ બાબતે યોગ્ય નિર્ણય લઈ રસ્તાની ફાળવણી નઈ કરે તો અમે તમામ ગામના લોકો કપડવંજથી મોડાસા આવતા મુખ્ય હાઈવેને રોકીને ગાંધ્યીચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

# ખેડબ્રહ્મામાં સ્ટેટ મોનીટરીંગ સેલે બે લાખથી વધુના દારૂ સાથે એક આરોપી ઝડપ્યો

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ગુરૂવારના રોજ સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે પીએસઆઈને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી કેટલાક ઈસમો ગાડીઓમા દારૂ ભરી ખેડબ્રહ્મા તરફ આવી રહ્યા છે. આ બાતમી આધારે પોલીસે વોચ ગોઠવી બે ગાડીઓ અને એક ઈસમને જડપી પડી અન્ય ૧૨ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગુરૂવારના રોજ ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલના પી.એસ.આઈ પી.એન. સિંહ અને તેમનો સ્ટાફ સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલિંગમાં હતો ત્યારે ખાનગી બાતમી મળી હતી કે રાજસ્થાનના મામેર તરફથી કેટલાક ઈસમો ગાડીઓમાં દારૂ લઈ દેરોલ થઈ ખેડબ્રમાં બાજુ આવી રહ્યા



છે અને એક કાર પેટ્રોલિંગ કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું. આ બાતમી આધારે પોલીસે ખેડબ્રહ્મા-દેરોલ વચ્ચેના પુલ ઉપર ગાડીઓની વોચ ગોઠવી હતી ત્યારે સાંજના સાતેક વાગ્યે એક સફેદ કલરની સ્વિફ્ટ કાર નંબર ૫૯૫૮ આવી હતી જેને રોકવાનો પ્રયત્ન કરવા છતાં કાર ભાગી ગઈ હતી અને એની પાછળ આવતી અન્ય બે ગાડીઓને રોકવા માટે રસ્તો કોર્ડન કરતાં બંને ગાડીઓ પાછી વળી દેરોલ તરફ ભાગવા લાગી હતી, જેથી પોલીસે પીછો કરી દેરોલ નજીક રસ્તામાં પકડી પડી હતી. જેમાં એસેંટ ગાડીનો ડ્રાઈવર ગાડી મૂકી ભાગી ગયો હતો જ્યારે સ્વિફ્ટ ગાડીનો ડ્રાઈવર સુહાગકુમાર કેશુભાઈ રાવળ ગાડીમાં ઝડપાઈ ગયો હતો.

ગાડીમાં તપાસ કરતાં અંદર ભારતીય બનાવટની વિદેશી દારૂ મળી આવ્યો હતો જેથી પોલીસે સુહાગકુમાર કેશુભાઈ રાવલની ઝડતી લેતા તેણે જાનવેલ કે મામેરથી નાથુ ખાટીકના ઠેકા ઉપરથી દારૂ ભર્યો હતો અને આ દારૂ વિમલ વ્યાસ, પિનાકીન ભાટી, સન્નિસિંહ બિહોલા ચહીમતનજીઆરનાઓએ ત્રણ જણા ભેગા થઈ મંગાવ્યો હતો જ્યારે બીજી ગાડીનો દારૂ જયેશ પટેલ, મોસીનનાઓએને મહેસાણા ખાતે આપવાનો હતો. જેથી પોલીસે બંને ગાડીમાંથી કુલ ૧૧૨૨ બોટલ કિંમત રૂપિયા ૨,૮૭,૧૨૪, એસેંટ ગાડીનો નં. જી.જે.૩. સીઆર. ૫૯૭૪ રૂ. ૧,૫૦,૦૦૦ જ્યારે સિફટ કાર જેનો નબર નથી તેની રૂ. ત્રણ લાખ એક મોબાઈલ ૫૦૦ રૂપિયા રોકડા રૂ. ૮૦૦ મળી કુલ ૭,૩૮,૪૨૪નો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોધી તપાસ હાથ ધરી હતી.

# પાલનપુરમાં ખાનગી કંપનીના કર્મચારી દ્વારા ૪૨.૩૩ લાખની ઉચાપત

મહેસાણા સ્થિત એક કારની કંપનીની શાખા પાલનપુર તાલુકાના ચડોતર ખાતે કાર્યરત છે. જ્યાં એક કર્મચારીએ કારના ગ્રાહકો પાસેથી લીધેલા ઈન્સ્યોરન્સના રૂપિયા ૪૨.૩૩ લાખ કંપનીમાં જમા ન કરાવી ઉચાપત કરી હતી. આ અંગે તેમની સામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. મહેસાણા ખાતે આવેલી મારૂતિ સુઝુકી કાર કંપનીની એક શાખા પાલનપુર તાલુકાના ચડોતર ખાતે કાર્યરત છે. જ્યાં ઈન્સ્યોરન્સ મેનેજર તરીકે ફરજ બજાવતાં પાલનપુર અંબિકા-નગરમાં રહેતા અમીત જગદીશભાઈ પ્રજાપતિએ કારના ગ્રાહકો પાસેથી જૂની ગાડીઓના વીમા રીન્યુ કરી કુલ રૂપિયા ૧,૩૮,૪૩,૦૨૮ રોકડા લીધા હતા. જે રકમ માંથી રૂ. ૪૨,૩૩,૭૫૭ લાખ કંપનીમાં જમા કરાવ્યા ન હતા. દરમિયાન ઓડિટમાં આ ઉચાપત સામે આવતાં કંપનીએ નાણાં પરત લેવા માટે વારંવાર રૂબરૂ મળવાના તેમજ ફોન ઉપર સંપર્ક કરવાના પ્રયાસો કર્યા હતા. અમિત પ્રજાપતિ ન મળતાં આખરે મહેસાણા સ્થિત કંપનીના જનરલ મેનેજર હિમાંશુ સુરેશભાઈ પટેલે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.


